# ઈસ્ટ અને સેન્ટ્રલ (ટી.એન.એસ.)(T.N.S.) વિભાગોની સેવાઓ માટે પ્રસ્તાવો

(Proposals for services in the East and Central areas (TNS)

**ઈસ્ટ અને સેન્ટ્રલ વિભાગ:**
**કાસલ, એવીંગટન, નાઇટન, નોર્થ એવીંગટન, સ્પીની હીલ્સ, સ્ટોનીગેટ, વાયક્લીફ**




## સલાહસૂચનનો સારાંશ

આખા શહેરની અંદર લેસ્ટર સિટી કાઉન્સિલ તેમની નેબરહૂડની સેવાઓની ફરીથી રચના કરે છે. ઓની અંદર લાયબ્રેરીઓ, કોમ્યૂનિટિ અને યૂથ સેન્ટરો અને હાઉઝિંગ ઓફિસોનો સમાવેશ થાય છે.

સરકાર તરફથી નાણાંના ભંડોળમાં મહત્વશીલ કાપોનો અર્થ એ થાય કે હાલમાં અમે જે રીતે સેવાઓ પૂરી પાડીએ છીએ તે રીતે પૂરી પાડવાનું અમે ચાલુ રાખી શકીએ નહિં. પરંતુ કોઇ પણ પ્રસ્તાવો કરવા પહેલાં, જાન્યૂઆરી અને ફેબ્રુઆરી 2017 માં અમે શહેરના નોર્થ ઈસ્ટ વિભાગના સ્થાનિલ લોકો સાથે  તેમને તેમની સેવાઓમાંથી શેની અપેક્ષા હતી તે બાબતમાં તેમની સાથે વાતચીત કરી હતી. અમે ભવિષ્ય માટે પણ પ્રસ્તાવો માટે વિનંતી કરી હતી.

## અમે શા માટે સલાહસૂચન કરીએ છીએ

હવે અમે આગળ વધવા માટે પ્રગતિ કરી છે અને અમારે તમારા મંતવ્યો જાણવાની ઇચ્છા છે.  આ પ્રસ્તાવો બધી સેવાઓને એકત્રિત કરે છે અને એનાથી નાણાંની બચત થાય છે.

નીચે મુજબના સમયે ચર્ચા કરવા માટે અમે બે મીટીંગની યોજના કરી છીએ:

- બુધવાર તારીખ 5 મી જુલાઇના દિવસે કોલમેન નેબરહૂડ સેન્ટરમાં સાંજે 6.30 થી - રાત્રે 8.00 સુધી.
- મંગળવાર 11 મી જુલાઇના દિવસે સેન્ટ મેથયૂઝ સેન્ટરમાં સાંજે 6.30 થી - રાત્રે 8.00 સુધી.

મહેરબાની કરી પધારો, અથવા નીચે તમારા મંતવ્યો જણાવો.

## ફેરફારો માટેના પ્રસ્તાવો

**સેન્ટ મેથ્યૂસ સેન્ટર**

- સેન્ટર પહેલેથી જ વિવિધ પ્રકારની સેવાઓની વ્યવસ્થા કરે છે જેમાં લાયબ્રેરી, યૂથ સેન્ટર, હાઉઝિંગ માટે પહેલો સંપર્ક અને કાઉન્સિલની સેવાઓમાં પોતે જાતે સંપર્ક કરી શકાય એનો સમાવેશ થાય છે.
- સેન્ટરમાં ફરીથી રંગરોગનનું કામ પૂરું કરવા માટે નાણાંનું રોકાણ અને હાઉઝિંગની સેવાનો ઉપયોગ કરનારાઓ માટે વધારાના ઈન્ટરવ્યૂ રૂમો પૂરા પાડવા.
- હાલમાં હાઉઝિંગ પૂરી પાડવાના એક ભાગ તરીકે સેન્ટ પીટર્સ હાઉઝિંગ ઓફીસની અહીં વ્યવસ્થા કરવી

**આફ્રિકન કૅરેબીઅન સેન્ટર**

- મકાનને જાળવી રાખો
- સ્ટેઈકહોલ્ડર્સ અને ભાગીદારો સાથે કામ કરી સેન્ટરને ચાલુ રાખવાના ખર્ચમાં ઘટાડો કરવા માટે વિકલ્પોની તપાસ કરવી

**હાયફીલ્ડ્સ લાયબ્રેરી**

- લાયબ્રેરી ચાલુ રાખવી
- લાયબ્રેરીમાં ફરીથી રંગરોગન કરવું અને મકાનની અંદર સગવડોમાં સુધારો કરવો
- જાહેરજનતા માટે ટોયલેટ્સ નાંખવાં

**સેન્ટપીટર્સ નેબરહૂડ હાઉઝિંગ ઓફિસ**

- સુધારો કરેલા સેન્ટ મેથ્યૂસ સેન્ટરમાં સેવાઓનું સ્થાન ફેર કરવું
- હાઉઝિંગ ઓફિસને વધારાની હાઉઝિંગ તરીકે રૂપાંતર કરવું

**નાઈટન લાયબ્રેરી**

- લાયબ્રેરી ચાલુ રાખવી
- ઓફિસના કામના સમય પછી કોમ્યૂનિટિના ગ્રૂપોના પ્રવેશ માટે લાયબ્રેરીમાં કી ફોબ (બારણું ખોલવાની વ્યવસ્થા) નાંખવાં

**સેન્ટ બર્નાબસ લાયબ્રેરી**

- લાયબ્રેરી ચાલુ રાખવી
- હંબરસ્ટન અને રાવલેટ્સ હીલ નેબરહૂડ હાઉઝિંગ ઓફિસનો આગળનો ભાગ  જે સેન્ટ બર્નાબસ લાયબ્રેરીના મકાનની સામે છે તેને કાઢી નાંખવો.
- કાઉન્સિલ સેવાઓમાં સ્થાનિક સંપર્કમાં સુધારો કરવા માટે જાતે મદદ કરી શકાય એવા સાધનો નાંખવાં.

**કોલમેન લોજ કોમ્યૂનિટી સેન્ટર**

- મકાનનો નિકાલ કરવા જેમાં જેને વેચી નાંખવા લીઝ ઉપર (પટ્ટે આપવું)અથવા તોડી નાંખવાનો સમાવેશ થાય છે તેના વિકલ્પોની તપાસ કરવી
- ગ્રૂપો સાથે તેમની જરૂરિયાતો માટે સારામાં સારા સ્થાનની જાણ કરવા માટે કામ કરવું.

**હંબરસ્ટન નેબર હૂડ હાઉઝિંગ ઓફિસ**

- સેન્ટ બર્નાબસ લાયબ્રેરીના સુધારેલા મકાનમાં સેવાનું સ્થાન ફેર કરવું.
- મકાનનો નિકાલ કરવામાં જેમાં વેચી નાંખવા અથવા લીઝ ઉપર આપવાનો સમાવેશ થાય છે તેના વિકલ્પોની તપાસ કરવી

**કોલમેન નેબરહૂડ સેન્ટર**

- સેન્ટર અને બોલ કોર્ટ ચાલુ રાખવા
- મકાનના ઉપયોગમાં વધારો કરવા માટે ગ્રૂપો સાથે કામ કરવું
- રાવલેટ્સ હીલ નેબરહૂડ હાઉઝિંગ ઓફિસ
- સુધારો કરેલા સેન્ટ બર્નાબસ લાયબ્રેરીના મકાનમાં સેવાઓનું સ્થાન ફેર કરવું.
- મકાનનો નિકાલ કરવા જેમાં લીઝ ઉપર આપવા, વેચાણ અથવા શક્ય હોય એવા હાઉઝિંગના વિકાસ માટે મંજૂરીનો સમાવેશ થાય છે તેના વિકલ્પોની તપાસ કરવી.

**એવીંગટન લાયબ્રેરી**

- લાયબ્રેરી ચાલુ રાખવી.
- ઓફિસના કામના સમય પછી કોમ્યૂનિટિના ગ્રૂપોના પ્રવેશ માટે લાયબ્રેરીમાં કી ફોબ નાંખવાં

નોંધ: જો આ સલાહસૂચનની કાર્યપધ્ધતિ વધારે શક્યતાની જાણ કરે તો, અમે કદાચ ઈસ્ટ અને સેન્ટ્રલ વિભાગના બીજા મકાનો ઉપર પણ વિચાર કરીએ.

**સેવાઓનો ઉપયોગ**

1. આ વિભાગમાં કઇ નેબરહૂડ સેવાઓનો તમે ઉપયોગ કરો છો? (મહેરબાની કરી જે બધી લાગુ પડે તેની ઉપર નિશાન કરો) (જરૂરી)

[ ] એડલ્ટ લર્નીંગ
[ ] લાયબ્રેરી
[ ] રૂમ હાયર
[ ] યૂથ સેન્ટર
[ ] સ્ટાર
[ ] હાઉઝિંગ ઓફિસ
[ ] સામાજીક પ્રવૃત્તિઓ (દા.ત. રાંધળકળા, કૌશલ, નૃત્ય)
[ ]ના, હું આ સેવાઓનો ઉપયોગ કરતો નથી
[ ] બીજી કોઇ (મહેરબાની કરી જણાવો)

બીજી સેવાઓ જેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય:

| |
|---|
| |

2. તમે ક્યા સેન્ટરનો ઉપયોગ કરો છો? (મહેરબાની કરી જે બધાં લાગુ પડતાં હોય તેની ઉપર નિશાન કરો)

[ ] સેન્ટ મેથ્યૂસ સેન્ટર
[ ]આફ્રિકન કેરેબીયન સેન્ટર

[ ] કોલમેન નેબરહૂડ સેન્ટર

[ ]હાયફીલ્ડ્સ લાયબ્રેરી

[ ] કોલમેન લોજ કોમ્યૂનિટિ સેન્ટર

[ ] નાઇટન લાયબ્રેરી

[ ] સેન્ટપીટર્સ નેબરહૂડ હાઉઝિંગ ઓફિસ

[ ] સેન્ટબર્નાબસ લાયબ્રેરી

[ ] હંબરસ્ટન નેબરહૂડ હાઉઝિંગ ઓફિસ

[ ] એવીંગટન લાયબ્રેરી

[ ] રાવલેટ્સ હીલ નેબરહૂડ હાઉઝિંગ ઓફિસ

**પોસ્ટ કોડ**

3. તમારા ઘરનો પોસ્ટ કોડ શું છે?

**પ્રસ્તાવો ઉપર તમારા મંતવ્યો**

4. આ બધા પ્રસ્તાવોથી તમને કેવી રીતે ફાયદો થશે?

5.પ્રસ્તાવોમાં એવી કોઇ બાબત છે જેનાથી તમે નેબરહૂડની સેવાઓનો ઉપયોગ કરવાનું બંધ કરશો? જો 'હા' હોય તો, મહેરબાની કરી કારણ (ણો) આપો.

6. તમારી પાસે બીજી કોઇ ટીકાઓ છે?

## તમારા વિષે અમને જણાવો

7. તમારી ઉંમર?

___________________________

☐ જણાવવાની ઇચ્છા નથી

8. જાતિ. તમે કોણ છો...

○ પુરુષ

○ સ્ત્રી

○ જણાવવાની ઇચ્છા નથી

9. તમારી સાંસ્કૃતિક પાર્શ્વભૂમિકાનું તમે કેવી રીતે વર્ણન કરશો?

_____________________________________________

☐ જણાવવાની ઇચ્છા નથી

10. તમને કોઇ અસમર્થતા અથવા તબિયત બાબતમાં બિમારી છે એવું તમને લાગે છે?

○ હા

○ ના

○ જણાવવાની ઇચ્છા નથી

જો તમે ઉપરના પ્રશ્નનો 'હા' જવાબ આપ્યો હોય તો, મહેરબાની કરી જણાવો કે તમારી અસમર્થતા અથવા તબિયતની બિમારીથી તમને સ્થાનિક સેવાઓનો સંપર્ક કરવા ઉપર અસર પડે છે.

________________________________________________________________________

______________________________________________

11. પરિવારનો પ્રકાર

- ○ બાળકો વિનાનું યુગલ
- ○ બાળકો સાથેનું યુગલ
- ○ પેન્સનર
- ○ સીંગલ પેરંટ
- ○ એકલા, બળકો નથી
- ○ જણાવવાની ઇચ્છા નથી.

આ વિભાગમાં તમે જે માહિતી આપી છે તેને ડેટા પ્રોટેક્સન એક્ટ 1998 મુજબ રાખવામાં આવશે અને તેનો ફક્ત ધ્યાન રાખવાના હેતુ માટે ઉપયોગ કરવામાં આવશે. તમારી વિગતો બીજી કોઇ વ્યક્તિને, સંસ્થાને અથવા ગ્રૂપને આપવામાં આવશે નહિં. ડેટા પ્રોટેક્સન એક્ટના હેતુ માટે આ પાના ઉપરજે માહિતી આપવામાં આવી છે તેને માટે લેસ્ટર સિટી કાઉન્સિલ ડેટા કન્ટ્રોલર છે.

મહેરબાની કરી આ ફોર્મ લેસ્ટર સિટી કાઉન્સિલની કોઇ પણ લાયબ્રેરીમાં, કોમ્યૂનિટિ, યૂથ અથવા લેઝર સેન્ટરમાં, અથવા હાઉઝિંગ ઓફિસમાં આપો અથવા **Transforming Neighbourhood Services, Room 2.23 Town Hall, Town Hall Square, Leicester LE1 9BG.** ઉપર પોસ્ટ મારફત મોકલી આપો. આખરી તારીખ 25 મી જુલાઇ 2017 છે

**leicester.gov.uk/tns**